"સ્વચ્છ ભારત સપ્તાહ" તા.૨૫-૯-૨૦૧૪થી તા.૨-૧૦-૨૦૧૪ તેમજ "સ્વચ્છ ભારત અભિયાન" તા.૨-૧૦-૨૦૧૪થી ૨-૧૦-૨૦૧૯ની ઉજવણી અંગે માર્ગદર્શક સૂચનાઓ.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
પરિપત્ર ક્રમાંક:-નમલ/૧૦૨૦૧૪/જીઓઆઇ-૨૨૯-ધ,
તારીખ:-૨૪-૯-૨૦૧૪

<u>વંચાણે લીધું:</u> (૧) ભારત સરકારના શહેરી વિકાસ મંત્રાલયનો તા.૩-૯-૨૦૧૪નો પત્ર ક્રમાંક:Q-16019/2014/-CPHEEO/666-F

(૨) ભારત સરકારના તા.૧૯-૯-૨૦૧૪નો પંચાયતી રાજ મંત્રાલયનો પત્ર ક્રમાંક:M/11015/67/2014/DPE

(૩) આ વિભાગનો તા.૨૫-૨-૨૦૧૪નો ઠરાવ ક્રમાંક:નમલ/૧૦૨૦૧૩/૩૫૨૧(પાર્ટ-૧)/ધ.

(૪) આ વિભાગનો તા.૨૩-૭-૨૦૧૪નો ઠરાવ ક્રમાંક:નમલ/૧૦૨૦૧૩/૩૫૨૧(પાર્ટ-૧)/ધ.

(૫) મુખ્ય સચિવશ્રીની તા.૧૫-૯-૨૦૧૪ની બેઠકની કાર્યવાહી નોંધ.

<u>પ્રસ્તાવના:-</u>

મહાત્મા ગાંધીજી ૧૫૦મી જન્મજયંતી, ૨ ઓકટોબર, ૨૦૧૯ સુધીમાં સ્વચ્છ ભારતની ભેટ તેમને આપી "સ્વચ્છ અને સ્વસ્થ ભારત" બનાવવા માનનીય વડાપ્રધાનશ્રીએ કરેલા આવાહનના ભાગરૂપે વંચાણે લીધેલ (૧) અને (૨) મુજબના ભારત સરકારના પત્રોથી તમામ રાજયોને સૂચના આપવામાં આવી છે. તદ્દ અનુસાર તા.૨૫-૯-૨૦૧૪થી ૨-૧૦-૨૦૧૪ દરમિયાન "સ્વચ્છ ભારત સપ્તાહ" અને ત્યાર બાદ તા.૨-૧૦-૨૦૧૪થી ૨-૧૦-૨૦૧૯ દરમિયાન લાંબાવાળાના "સ્વચ્છ ભારત અભિયાન" સ્વરૂપે સ્વચ્છતાની ઝૂંબેશ ચલાવવાની થાય છે. વંચાણે લીધેલ અનુક્રમ-(૧) અને (૨)ના પત્રોથી આપવામાં આવેલી માર્ગદર્શક સૂચનાઓ, તેમજ વંચાણે લીધેલ અનુક્રમ (૩) મુજબ ગુજરાતમાં રચાયેલ મહાત્મા ગાંધી સ્વચ્છતા મીશનમાં આવરી લેવાયેલ બાબતો ઉપરાંત વંચાણે લીધેલ અનુક્રમ (૫) મુજબ તેમજ ઉચ્ચ કક્ષાએ આ અંગે મળેલી વખતો વખતની બેઠકોમાં થયેલ ચર્ચા વિચારણાને અંતે, સમગ્ર ગુજરાત રાજયમાં ટૂંકા અને લાંબા ગાળાની વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃત્તિઓ અમલમાં મૂકી "સ્વચ્છ ભારત

સપ્તાહ" અને "સ્વચ્છ ભારત અભિયાન" સ્વરૂપે સ્વચ્છ ગુજરાત-સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવ્યું છે.

પરિપત્ર :-

આમ, સમગ્ર રીતે વિચારણાને અંતે ગુજરાત સરકારના તમામ વિભાગો/ખાતાના વડાઓ/ક્ષેત્રીય કચેરીઓએ નીચે મુજબની કાર્યવાહી કરી, સમગ્ર ગુજરાતને લોકભાગીદારીથી સ્વચ્છ અને સ્વસ્થ બનાવવા.

ટૂંકા, મધ્યમ તેમજ લાંબાગાળાનું આયોજન કરવું. ગુજરાતમાં સ્વચ્છતાના અને સ્વસ્થતાના અભિગમને મૂર્તિમંત કરવા માટેના "મહાત્મા ગાંધી સ્વચ્છતા મીશન"ની શરૂઆત ૨૫-૨-૨૦૧૪ના રોજ કરવામાં આવેલ છે. ભારત સરકારે આપેલી સુચનાઓ અનુસાર તા.૨૫-૯-૨૦૧૪થી તા.૨-૧૦-૨૦૧૪ (મહાત્મા ગાંધીજીના જન્મદિન) સુધી ટૂંકાગાળાના તાત્કાલિક આયોજનને અમલમાં મૂકવા "સ્વચ્છ ભારત સપ્તાહ" સમગ્ર રાજયના તમામ વિભાગો/ખાતાનાવડાઓ/કચેરીઓમાં ઉજવવામાં આવે તે સુનિશ્ચિત કરવું.

તા.૨૫-૯-૨૦૧૪ ના દિવસે સરકારી/અર્ધ સરકારી કચેરીઓનો સ્વચ્છતા દિવસ ઉજવવો. જેમાં તમામ જાહેર કચેરીઓમાં સઘન સફાઇ ઝૂંબેશ હાથ ધરવી. સરકારી રેકર્ડનું વર્ગીકરણ તેમજ બીનજરૂરી કાગળો અને ફાઇલોનો નાશ કરવાની ઝૂંબેશ હાથ ધરવી. આ માટે દરેક કર્મચારી/ અધિકારી અને પદાધિકારીએ પોતાની કચેરીની સ્વચ્છતા માટે શ્રમદાન કરવું. આ શ્રમદાનના માધ્યમથી જન સામાન્યમાં સફાઇ અંગેની જાગૃતિ લાવવાનો સન્નિષ્ઠ પ્રયાસ કરવો.

તા.૨૬-૯-૨૦૧૪ના રોજ આરોગ્ય સંસ્થાઓનો સ્વચ્છતા દિવસ ઉજવવો. જેમાં તમામ જાહેર આરોગ્યની સંસ્થાઓ અને પશુ દવાખાનાઓમાં સ્વચ્છતા ઝૂંબેશ ચલાવવી. આરોગ્ય કેન્દ્રો, હોસ્પિટલો, મેડીકલ કોલેજો, અને તેમાં સમાવિષ્ટ શૌચાલયોની સફાઇને તેમાં આવરી લેવી. આરોગ્ય સંસ્થાઓને જંતુરહિત રાખવી. આ માટે આરોગ્ય સમિતિઓ, આશા વર્કરો, આંગણવાડી વર્કરો, વગેરેની સહભાગીદારીથી કામગીરી કરવી.

તા.૨૭-૯-૨૦૧૪ શૈક્ષિણક સંસ્થાઓનો સ્વચ્છતા દિવસ ઉજવવો. તે નિમિત્તે તમામ જાહેર શાળાઓ, કોલેજો તેમજ યુનિવર્સિટીઓમાં સફાઇ ઝૂંબેશ કરવી તેમજ નિયમિત સફાઇની દેખરેખ માટે ચોકકસ કર્મચારીની નિયુકિત કરવી. તમામ શાળાઓની મેનેજમેન્ટ કમિટી તેમજ બાળ મંડળને આ સફાઇ ઝૂંબેશ માટે જાગૃત કરવા. વિવિધ સ્પર્ધાઓ અને પ્રવૃત્તિઓનું આયોજન કરવું. તમામ

શાળા/કોલેજો/યુનિવર્સિટીઓમાં પીવાના પાણીના સ્થળો તેમજ શૌચાલયોની સફાઇનો તેમાં સમાવેશ કરવાનો થાય છે.

તા.૨૯-૯-૨૦૧૪ના રોજ ગૃહ વિભાગ તેમજ પોલીસ ડીપાર્ટમેન્ટનો સફાઇ દિવસ ઉજવવો. તમામ પોલીસ સ્ટેશન, પોલીસ લાઇન, જેલ, હોમગાર્ડસ, એસ.આર.પી., સી.આર.પી.એફ. મથકોમાં સફાઇ ઝૂંબેશની સાથોસાથ "પહેલું સુખ તે જાતે નર્યા" ની ભાવના ચરિતાર્થ કરવા માટે એક નવતર કાર્યક્રમ "પોલીસ કર્મચારીઓ અને અધિકારીઓ ધ્વારા વ્યસન મુકિત અભિયાન" શરૂ કરવું.

તા.૩૦-૯-૨૦૧૪ના દિવસે તમામ ક્ષેત્રીય કચેરીઓ સાથે વીડીઓ કોન્ફરન્સ ધ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રી માર્ગદર્શન આપશે તેમજ પ્રેસ કોન્ફરન્સ પણ યોજશે.

તા.૧-૧૦-૨૦૧૪ના રોજ મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ તા.૨-૧૦-૨૦૧૪થી શરૂ થનાર "સ્વચ્છ ભારત અભિયાન"ની પૂર્વ તૈયારીના ભાગરૂપે દરેક ગામમાં ગ્રામ સભા તેમજ દરેક શહેરમાં વોર્ડ યોજીને સ્વચ્છતા સંબંધી આ સાથે સામેલ ભારત સરકારશ્રી ધ્વારા પ્રાપ્ત થયેલ નમુના મુજબ શપથ ગ્રહણ કરાવવા. આ ઉપરાંત તા.૧-૧૦-૨૦૧૪ના રોજ સાયંફેરી, દીવડા ફેરી, આરતી, ગરબા, વિગેરે ધ્વારા લોક જાગૃતિ તેમજ ભાગીદારી મેળવવા આયોજન કરવું.

તા.૨-૧૦-૨૦૧૪થી શરૂ થતાં સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત સ્વચ્છ રીતભાત યુકત સમાજના નિર્માણના ભાગરૂપે સઘન પ્રચાર ઝૂંબેશ ધ્વારા આ અભિયાનમાં લોકભાગીદારી પ્રસ્થાપિત કરવા નવરાત્રિની ઉજવણી દરમ્યાન પ્રચાર-પ્રસારનું આયોજન કરવું. તા.૨-૧૦-૨૦૧૪, પદાધિકારીશ્રીઓ અને અધિકારીઓ/કર્મચારીઓ ધ્વારા "સ્વચ્છ ભારત અભિયાન"નો પોતાના શ્રમદાન ધ્વારા શુભારંભ કરવામાં આવશે. અધિકારી/પદાધિકારી માટે ચોકકસ વિસ્તાર નિયત કરવાનો રહેશે. જેમાં સ્વચ્છતા જરૂરી હોય તેવા અવિકસિત/અર્ધવિકસિત વિસ્તારોને પ્રાધાન્ય આપવાનું રહેશે. ગાંધી જયંતિના રોજ તમામ ગામો, શહેરોના જાહેર સ્થળો તેમજ ઘરે ઘરે સફાઇ ઝૂંબેશ કરવામાં આવશે. પ્રત્યેક ઘરની સફાઇમાં પુરુષ સભ્યોને પણ સહયોગ આપવા અપીલ કરવી.

ગાંધી જયંતિ તા.૨-૧૦-૨૦૧૪થી સરદાર જયંતિ તા.૩૧-૧૦-૨૦૧૪ સુધીનું વિગતવાર આયોજન કરવામાં આવ્યું છે.

(૧) માસ કોન્ટેકટ કેમ્પેઇન : પ્રત્યેક ઘરનો સંપર્ક તેમજ શેરી સભા/મહોલ્લા સભા ધ્વારા જાગૃતિ લાવવી.

(૨) લોકો ધ્વારા ઘટતી સફાઇ દરમ્યાન જુના કપડાં, રમકડા, પુસ્તકોનો નિકાલ કરતી વખતે ઉપયોગી વસ્તુઓનું જરૂરિયાતમંદ લાભાર્થીઓને વિતરણ કરવાની અને બાકીનો નિકાલ કરાવવાની વ્યવસ્થા કરવી.

(૩) ગાંડા બાવળોનો નિકાલ કરવો.

(૪) ઇકો ફ્રેન્ડલી મટીરીયલ્સના ઉપયોગને પ્રોત્સાહન આપવા આયોજન કરવું.

(૫) નિકાલ કરવા લાયક સરકારી/અર્ધ સરકારી સાધનો, વાહનો, જુનું ફરનીચર વિગેરેનો હરાજી ધ્વારા નિકાલ કરવો.

(૬) દરેક કચેરીઓમાં દૈનિક ધોરણે સંપૂર્ણ સંકુલ અને તેની આંતરિક સફાઇ સુનિશ્ચિત કરવી, પીવાના પાણીની જગ્યા અને સાધનોની સફાઇ કરવી તેમજ ડ્રેનેજ અને શૌચાલયોની સફાઇ કરવી.

દર અઠવાડિયે કચેરીના કંપાઉન્ડ વોલની આસપાસના બહારના વિસ્તારની સફાઇ સુનિશ્ચિત કરવી, વીજળીના ઉપકરણો (બલ્બ, ટયુબલાઇટ, પંખા, કોમ્પ્યુટર, પ્રિન્ટર) વગેરેની સફાઇ કરવી. ફરનીચર તેમજ ફાઇલો અને પુસ્તકો વગેરેની સફાઇ કરી, વ્યવસ્થિત ગોઠવણ કરવી.

જયારે માસિક ધોરણે ઓવરહેડ, જમીન ઉપરની તેમજ અન્ડર ગ્રાઉન્ડ ટાંકીની સફાઇ કરવી. કચેરીની છત/ધાબાની સફાઇ કરવી. આ કામગીરી લાંબાગાળા માટે સુનિશ્ચિત કરવી.

(૬) સરકારી/અર્ધ સરકારી કચેરીઓમાં દૈનિક, અઠવાડિક, માસિક અને ત્રિમાસિક સફાઇ માટે અધિકારીઓ /કર્મચારીઓની નોડલ તરીકે નિયુકિત કરવી.

(૭) દરેક વિભાગો પોતાના નોડલ અધિકારી નિયુકત કરી, તેમનું નામ/સરનામું/ઇમેલ આઇ.ડી./સંપર્ક નંબર આ વિભાગને જણાવવું તેમજ નિયુકત થયેલ નોડલ અધિકારી વિભાગના ક્ષેત્રાધિકાર હેઠળના ખાતાના વડાઓના નોડલ અધિકારીઓના સમાન પ્રકારે સંકલનમાં રહી સંકલન કરે તે આવશ્યક છે.

સ્વચ્છતા ધ્વારા શુધ્ધતા મેળવવા માટે ખૌરાક અને ઔષધ નિયમન તંત્ર તેમજ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ ધ્વારા અસરકારક વ્યવસ્થા ગોઠવી ખાધ્ય પદાર્થોનું વિતરણ કરતા એકમોમાં સ્વચ્છતાની નિયમિત વ્યવસ્થા થાય, રસોડાઓ, રસોઇ માટેના સાધનો, ભોજનકક્ષ, પીવાના પાણી તેમજ શૌચાલયની યોગ્ય સફાઇ થાય, રસોઇયા અને રસોઇ પીરસનારા સેવકની અંગત સ્વચ્છતા રહે અને ભેળસેળથી મુકિત મળે તે માટે આ અભિયાનમાં જરૂરી કામગીરી કરવાની રહેશે.

સફાઇનું નિયમિત સંચાલન અને વ્યવસ્થા તંત્ર ગોઠવી દેવું. સમાજલક્ષી લોક સહકાર મેળવવા માટે સોશ્યલ મીડીયાનો ઉપયોગ, ગ્રામ/વોર્ડ/શેરી સભાઓનું આયોજન, પ્રભાત ફેરી, સાયં ફેરી, તેમજ પ્રાર્થના સભાઓના આયોજન સાથે સ્વચ્છતા માટે શું કરવું જોઇએ અને શું નકરવું જોઇએ તેની સામાન્ય જનસમૂહમાં સમજ આવે, શૌચાલયનો ઉપયોગ અને કચરાના યોગ્ય નિકાલ માટેની જાગૃતિ આવે તે માટે પ્રોત્સાહક તેમજ શિક્ષણાત્મક પગલાંઓ ભરવાં. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ ધ્વારા કચરાના વૈજ્ઞાનિક ઢબે નિકાલની સઘન વ્યવસ્થા કરવી તેમજ ખુલ્લી હાજતમાંથી મુકિત મેળવવા બાકી રહેતા શૌચાલયોની પૂર્તિ કરવી.

યુવા અનસ્ટોપેબલ જેવી સંસ્થા, મહોલ્લાના મંડળો, વેપારી મંડળો, સખી મંડળો, મહિલા સંગઠનો, શૈક્ષણિક અને ધાર્મિક સંસ્થાઓ, એનસીસી કેડેટસ, હોમગાર્ડસ, ફોરેસ્ટ ગાર્ડસ, ગાંધીવાદી સંસ્થાઓ, પ્રતિષ્ઠિત સ્વયંસેવી સંસ્થાઓ, માર્કેટીંગ યાર્ડ, દૂધ મંડળીઓ, આદિજાતિ વિસ્તારોમાં કાર્યરત સંસ્થાઓ, ભજન મંડળો અને સ્વામિ વિવેકાનંદ યુવા મંડળોનો પણ સાથ અને સહકાર મેળવવો.

દરેક વિભાગ ઉપર જણાવેલ પ્રવૃત્તિઓ માટે અલગ સૂચનાઓ આપી, તેમની આવશ્યકતા મુજબના ફેરફાર સાથે અનેકવિધ પ્રવૃત્તિઓ અમલમાં મૂકી શકે છે.

સામેલ કરેલ પત્રક ૧, ૨ અને ૩ મુજબનું રિપોર્ટીંગ ક્ષેત્રીય કચેરીમાંથી મેળવી દરેક વિભાગોએ આ પત્રકો મજુબની માહિતી અચૂક મોકલવી.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બીડાણ: (૧) પત્રક-૧થી ૩

(૨) શપથનો નમુનો.

( મોના ખંધાર )

સચિવ (હાઉસીંગ-નિર્મળ ગુજરાત) વ મીશન
ડાયરેકટર, મહાત્મા ગાંધી સ્વચ્છતા મીશન,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

પ્રતિ

નામદાર રાજયપાલશ્રીનાઅગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
તમામ માન.મંત્રીશ્રીઓ/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી.

સચિવાલયના તમામ વિભાગોના અ.મુ.સચિવશ્રીઓ/અગ્ર સચિવશ્રીઓ/સચિવશ્રીઓ.

તમામ વિભાગો હેઠળના ખાતા/કચેરીઓના વડાઓ (સંબંધિત વિભાગ મારફત).

તમામ જિલ્લા કલેકટરશ્રી/મ્યુનિસિપલ કમિશનરશ્રી/જિલ્લા વિકાસ અધિકારીશ્રી/રેન્જ પોલીસ મહાનિર્દેશકશ્રી/જિલ્લા પોલીસ અધિકારીશ્રી/ચીફ ઓફિસરશ્રીઓ.

સિલેકટ ફાઇલ.

# Annexure-I

## Mahatma Gandhi Swachhta Mission - Action Plan

| Sr. No. | Activity/Invervention | Measureable Indicator | 2014-15 | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | Expected Outcome/ impact | Sustainability and O & M |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 |
| I | Short term (December-2014) | | | | | | | | |
| | | | | To be sustained | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| II | Medium Term (2014-16) | | | | | | | | |
| | | | | | To be sustained | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| III | Long term (2014-19) | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |

# Annexure-III

Mahatma Gandhi Swachhta Mission - MIS

(For Public Welfare - Service Delivery)

Name of the Department:-

Name of the Nodel Officer:-

Conact details:- Mobile: e-Mail ID: Address:

No. of Total Offices

(HoD+Field+Board/Corpn)

| Sr. No. | Alphabetical Name of the Office | Name of the Nodal Officer | Contact details | | | Decent toilets for target group/service area of the office | | | | | | | | | Details of Waste Management for target group/service area of the office | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | Mobile | e-Mail | address | Requirement | | | Availability | | | Gap | | | | | | |
| | | | | | | Individual | Community | Pay & Use | Individual | Community | Pay & Use | Individual | Community | Pay & Use | Kind & Nature of Waste | Satutory requirement for disposal | Actual disposal | Gap |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 | 18 | 19 |
| | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | |

## Annexure-II

Mahatma Gandhi Swachhta Mission - MIS

(for Cleanliness of Public Offices)

Name of the Department:-

Name of the Nodel Officer:-

Conact details:- Mobile: e-Mail ID: Address:

No. of Total Offices

(HoD+Field+Board/Corpn)

| Sr. No. | Alphabetical Name of the Office | Name of the Nodal Officer | Contact details | | | Daily Clearing | | | | Weekly Cleaning | | | | Monthly Cleaning | | | | Quarterly Cleaning | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | Mobile | e-Mail | address | Cleaning of the Office Complex | | Cleaning of Toilet & Drinking Water System | | Cleaning of Electrical & Electronics Devices | | Cleaning and organisation files, papers, books other office utilities | | Cleaning of UG & OH Water tanks | | Cleaning of Ceiling and terrace | | Disposal of Condemnable Items. | |
| | | | | | | Work Load in No(s). | Cleaning in No(s). | Work Load in No(s). | Cleaning in No(s). | Work Load in No(s). | Cleaning in No(s). | Work Load in No(s). | Cleaning in No(s). | Work Load in No(s). | Cleaning in No(s). | Work Load in No(s). | Cleaning in No(s). | Work Load in No(s). | Cleaning in No(s). |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 | 18 | 19 | 20 |
| | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | |